# સર્ટિફિકેટ કોર્સ

# પ્રવેશ - ૨૦૨૦

## માહિતી પુસ્તિકા

(ઑનલાઈન પ્રવેશપત્ર ભરવા માટેની સામાન્ય સૂચનાઓ)



શિક્ષણને સમર્પિત દશક


## ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત પબ્લિક સ્ટેટ યુનિવર્સિટી)

રામકૃષ્ણ પરમહંસ વિદ્યા સંકુલ, મહાત્મા મંદિરની નજીક, 'ખ' રોડ, સેક્ટર -૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬.

Disclaimer:
સર્ટીફિકેટ  પ્રવેશ ૨૦૨૦ માટે નોંધણી કરાવનાર ઉમેદવારોને સુવિધા આપવાના હેતુસર સંસ્થાએ આ માહિતી પુસ્તિકા યુનિવર્સિટીના કાયદા, કાનૂન અને અધિનિયમને આધીન સંક્ષિપ્ત કરી છે. જોકે આ માહિતી પુસ્તિકાના મુસદ્દામાં શ્રેષ્ઠતમ કાળજી લેવામાં આવી છે. કોઈપણ વિસંગતતાના કિસ્સામાં આઈ.આઈ.ટી.ઈ. એક્ટ ૨૦૧૦ના કાયદાઓ અને અધિનિયમો આખરી માનવામાં આવશે.



**કુલપતિશ્રીના સ્થાનેથી ...**

વ્હાલા વિદ્યાર્થી મિત્રો,

ઇન્ડિયન ઇન્સ્ટિટયુટ ઑફ ટીચર એજ્યુકેશન, ગાંધીનગર તરફથી ઉષ્મા સભર શુભેચ્છાઓ........

આઇ.આઇ.ટી.ઈ., ગાંધીનગરના સંભવિત વિદ્યાર્થીઓ તરીકે તમારું સ્વાગત કરતાં આનંદની લાગણી અનુભવું છું, આઇ.આઇ.ટી.ઈ. એક યુનિવર્સિટી નથી, પરંતુ સામાન્ય રીતે શાળા શિક્ષણમાં અને ખાસ કરીને શિક્ષક પ્રશિક્ષણમાં પરિવર્તન લાવવાનું એક મિશન છે. આવનાર પેઢીઓમાં ઈચ્છિત સંભાવનાઓ હાંસલ કરવા માટે શિક્ષણ એક ઉદ્દીપક છે અને આવી પેઢીઓ કોઈપણ સમાજ કે સમુદાયની વાસ્તવિક સંપત્તિ છે અને અંતે તો તે દેશ માટે ગર્વની બાબત છે. તેથી, હું ઇચ્છું છું કે આપણે એવી સમસ્યાઓનો અભ્યાસ કરવો જોઈએ કે જેથી સીધે સીધું શાળા શિક્ષણમાં અને આખરે તો રાષ્ટ્રીય વૃદ્ધિ અને વિકાસમાં લાભદાયી બને. કોઈપણ દેશ શિક્ષણ વિના ટકી શકશે નહી, કારણકે આજે આપણે જે શિક્ષણ આપી રહ્યા છીએ તેનું અસ્તિત્વ ભવિષ્યમાં પણ હશે.

આજે આપણી પાસે આપણા દેશના વૃદ્ધિ અને વિકાસ માટેની દૃષ્ટિવાળા દસ્તાવેજો તૈયાર છે ત્યારે હું શિક્ષક-પ્રશિક્ષણના ક્ષેત્રમાં પણ સંશોધન અને વિકાસ માટેની દૃષ્ટિવાળા દસ્તાવેજોનો આગ્રહ રાખું છું. શિક્ષક-પ્રશિક્ષણ એક બહુઆયામી વિદ્યાશાખા છે, તેને વિવિધ વિદ્યાશાખામાંથી જ્ઞાનની જરૂર પડે છે, જેમ કે; સામાજિક વિજ્ઞાન, ફિલોસોફી, કલા અને સંસ્કૃતિ, વિજ્ઞાન અને તકનીકી, શિક્ષણશાસ્ત્ર, ભાષા અને સાહિત્ય, રમતો અને શારીરિક શિક્ષણ, યોગ વિજ્ઞાનશાસ્ત્ર ..., હું માનું છું કે જ્ઞાનનો એવો કોઈ ખૂણો નથી કે જે શિક્ષણના પરીઘમાંથી બહાર રહી શકે. મારા માટે આ એક વિશાળ દરિયા જેવી વિદ્યાશાખા છે. જેમ દરેક નદી સમુદ્રમાં સમાઈ જતી હોય છે તેમ જ્ઞાનની તમામ શાખાઓ એક વિદ્યાશાખામાં સમાઈ જાય છે અને તે છે શિક્ષણ.... હું માનું છું કે આ એક બિંદુ છે જ્યાંથી શિક્ષણ શબ્દ વિશ્વનું ધ્યાન દોરશે.

હું ઇચ્છું છું કે તમે આપણી વિદ્યાશાખા તથા શાળા શિક્ષણના પડકારોથી અવગત હશો જેમાંથી એક છે સમાવેશક શિક્ષણ. આ બે શબ્દો ખૂબ સરળ લાગે છે. પરંતુ શિક્ષણની દુનિયા તેના હેતુઓને સાકાર કરવા સખત મહેનત કરી રહી છે. મારા માટે સમાવેશક શિક્ષણ सर्वतो सुखिनो सन्तु...'તરફ દોરી જતી એક કેડી છે, પરંતુ જ્યારે આપણે બહુભાષીય, બહુસાંસ્કૃતિક, બહુધાર્મિક અને તેથી વિશેષ બહુપરિમાણીય દેશ છીએ, જ્યાં નીતિનિયમો, પરંપરાઓ, શૈલીઓ. માંગણીઓ ..... અર્થાત તમામ રીતે વૈવિધ્યપૂર્ણ છીએ અને તે પણ સમાવેશક જેવો મંત્ર છે. આ એક મોટું કાર્ય છે અને એક ભારતીય તરીકે કહીશ કે આપણે એવા લોકો છીએ જેમણે દુનિયાને માર્ગ બતાવ્યો છે. હું તમને બધાંને હાથમાં હાથ જોડી, સહિયારા પ્રયત્નો કરી ઉત્કૃષ્ટતામાં શ્રદ્ધા રાખી આપણા દેશને શિક્ષણ ક્ષેત્રે મોખરે રાખવા ખરા અર્થમાં સમાવેશકપણાના અંતિમ ધ્યેયને પ્રાપ્ત કરવા આમંત્રણ આપું છું.

વૈજ્ઞાનિક પદ્ધતિથી અને સખત રીતે કરવામાં આવ્યું હોય તેવું કોઈ પણ કામ અશક્ય નથી. આ સર્ટિફિકેટ/ડીગ્રી કોર્સના તમામ અરજદારોને તેમની પ્રતિબદ્ધતા અને જ્ઞાન દ્વારા આ યુનિવર્સિટીના ધ્યેયો સિદ્ધ કરવાનો નિર્ણય લેશે તેવી શુભકામના .....

તારીખ: ૦૧ જુલાઈ ૨૦૨૦
સ્થળ : ગાંધીનગર

ડૉ. હર્ષદ પટેલ
કુલપતિ

## IITE ભારતીય શિક્ષક પ્રશિક્ષક સંસ્થાન

(Indian Institute of Teacher Education)

**આવતીકાલના શિક્ષકોને સંવર્ધિત કરતી ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત યુનિવર્સિટી**

ગુજરાત સરકાર અધિનિયમ ૮/૨૦૧૦ હેઠળ સ્થપાયેલી રાજ્યની જાહેર યુનિવર્સિટી, ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઑફ ટીચર ઍજ્યુકેશન (આઇઆઇટીઇ), શિક્ષક પ્રશિક્ષણ માટે સમર્પિત યુનિવર્સિટી છે. તે ફક્ત ભારતમાં અને દક્ષિણ એશિયાના દેશોમાં આ પ્રકારની એક માત્ર છે. આ યુનિવર્સિટી એ યુગમાં સ્થાપિત થઈ હતી જ્યારે દેશ શિક્ષક પ્રશિક્ષણની વર્તમાન પરિસ્થિતિના વિકલ્પની શોધમાં હતો. ત્યારના ગુજરાતના મુખ્યમંત્રી, શ્રી નરેન્દ્ર મોદીએ વૈશ્વિક સ્તરે શિક્ષક પ્રશિક્ષણની વાસ્તવિક પરિસ્થિતિની ભાવિ કલ્પના કરી. શ્રી મોદીએ આંતરવિદ્યાકીય સંસ્થા વિશે વિચાર્યું જ્યાં શાળા શિક્ષકોને અસરકારક અને કાર્યક્ષમ વર્ગખંડ પ્રત્યાયન માટે શિક્ષણ અપાય.

એવું માનવામાં આવે છે કે આદાન-પ્રદાન તે શક્તિ છે જે ૨૧ મી સદીમાં જ્ઞાન ઉત્પન્ન કરશે. સમકાલીન સમયમાં, શિક્ષણ ફક્ત સ્નાતક/ અનુસ્નાતક પદવી નહી, પરંતુ વ્યક્તિનો બહુકેન્દ્રસ્થ વિકાસ હશે. સમાજની તાતી જરૂરિયાતને ધ્યાનમાં રાખીને સર્વસમાવેશક સુયોજિત; નવીનતમ, નિવાસી, સંકલિત પદવીનો વિચાર અસ્તિત્વમાં આવ્યો હતો. ભારતનું એ નૈતિક ધોરણ રહ્યું છે કે તે વિશ્વનું શ્રેષ્ઠ જે કંઈ છે તે સમજી સંભવિત પેઢીઓમાં કોઈ ભેદભાવ વગર તેને ઉત્તેજિત કરે છે. શ્રી કિરીટ જોશીજી, સુપ્રસિદ્ધ ભારતીય શિક્ષણવિદ અને તત્ત્વચિંતક જેમણે વિશ્વનું શ્રેષ્ઠ જે કંઈ છે તેને વ્યવસ્થિત બનાવ્યું અને અમને આ યુનિવર્સિટી માટે અભ્યાસક્રમ વિકસાવવા તરફ દોરી ગયું. અગ્રણી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય વિદ્વાનોએ અભ્યાસક્રમના વિકાસમાં યોગદાન આપ્યું છે તે એક સહયોગી પ્રયાસ છે. આ સંસ્થાનો એક લીટીનો મુદ્રાલેખ છે ' વિશ્વ સ્તરીય શિક્ષકોની સંભાળ રાખવી' જે વિશ્વની શાળાઓમાં નિકાસ કરી શકાય. તે સમયની તાતી જરૂરિયાત છે અને વૈશ્વિક સ્તરે સારા શિક્ષકોની અછત છે. કુશળ શિક્ષકો પ્રદાન કરવા માટેની દૃષ્ટિથી આઇઆઇટીઈની સ્થાપના કરવામાં આવી છે.

કૌશલ્ય કોઈ પણ પ્રકારના જ્ઞાનની પ્રક્રિયામાં ચાવીરૂપ છે. આઇઆઇટીઈએ તેને ફરજિયાત બનાવ્યું છે જેથી કુશળતા અને તાલીમ શિક્ષક તાલીમનો અભિન્ન ભાગ છે. અમે અભ્યાસક્રમના આદાન પ્રદાનના સુનિશ્ચિત કાર્યક્રમ વિકસિત કરવા સાથે વિશિષ્ટ કુશળતાના વિકાસ પર પણ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. માતૃભાષા અને અંગ્રેજીમાં પ્રત્યાયન કૌશલ્ય, નૃત્યની કુશળતા, નાટક (થિયેટર), ચિત્રકામ, કળાનું પ્રદર્શન વગેરે. અમે માનીએ છીએ કે વ્યાવસાયિક કુશળતા વધારવાથી શીખનારાઓને વધુ રોજગારક્ષમ બનવામાં મદદ કરે છે.

શિક્ષણને સમર્પિત દશક

**ઉદ્દેશો:**

- શિક્ષક પ્રશિક્ષણના નવા કાર્યક્રમોને વિકસાવવા અને અમલમાં મૂકવા કે જે સંભવિત શિક્ષકોને શિક્ષણ અને તાલીમ પ્રદાન કરશે જે શિક્ષકોના અભિન્ન વ્યક્તિત્વને વિકસિત કરવાનો ઉદ્દેશ ધરાવે છે.
- ભારત અને પશ્ચિમની બૌદ્ધિક પરંપરાઓના મિશ્રણમાંથી મેળવેલ વિચારો સાથે વૈશ્વિક ધોરણે સિમાચિહ્ન રુપે તૈયાર કરેલા અભ્યાસક્રમના આધારે સંભવિત શિક્ષકોને તાલીમ આપવી.
- ૨૧ મી સદીના મુદ્દાઓ જેવાકે વિદ્યાર્થીઓની પસંદગીઓ અને પડકારોની સાથે વ્યવહાર કરવા માટે આવશ્યક સક્ષમતાઓ સાથે શિક્ષકોને સજ્જ કરવા.
- શિક્ષક તાલીમમાં એ પ્રદાન કરવુ જે સંભવિત શિક્ષકોને પ્રાપ્ત વિશ્વને સાર્વત્રિક માનવીય મૂલ્યોના નવા પ્ર કા શ માં જોવા સક્ષમ બનાવે છે.
- માનવતા, કલા, હસ્તકલા, વિજ્ઞાન, તકનીકી અને યોગ (મનોવૈજ્ઞાનિક અને શારીરિક શિક્ષણ) ના વિવિધ ક્ષેત્રોમાં શિક્ષક-વિદ્યાર્થી સંબંધ (ગુરુ-શિષ્ય પરંપરા) ની સ્વદેશી પરંપરાને પ્રોત્સાહન આપવા.
- અદ્યતન સંશોધન પ્રણેતા, સામાજિક શિક્ષકો અને સામાજિક કાર્યકર્તાઓના પરિણામો પ્રકાશિત અને પ્રસારિત કરવા.
- શિક્ષક પ્રશિક્ષણમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સહકારને ઉતેજન આપવા તેમજ ઑનલાઇન કાર્યક્રમો, દસ્તાવેજી, સંગીત અને નાટકના કાર્યક્રમો અને ફિલ્મો દ્વારા અધ્યાપન-અધ્યયન સાહિત્યના વિકાસમાં પ્રોત્સાહન આપવા.
- કોઈ પણ કાર્યક્રમ હાથ ધરવા, ચલાવવા અને પ્રોત્સાહન આપવા કે જે પદ્ધતિશાસ્ત્ર અને જ્ઞાન પ્રણાલીના સંશ્લેષણના ઉચ્ચ લક્ષ્યો તથા આંતરરાષ્ટ્રીયતા વધારશે.
- યુનિવર્સિટીમાં શરીર, જીવન અને મનના શિક્ષણના ઉચ્ચતમ હેતુઓ તેમજ તેની પ્રામાણિકતામાં માનવ ભાવનાને પ્રોત્સાહિત કરવા.
- ભારતના આધ્યાત્મિક જ્ઞાન, મજબૂત બુદ્ધિ અને અવિશ્વસનીય રચનાત્મકતાને પ્રતિબિંબિત કરવા માટે.શિક્ષણ પ્રણાલીમાં નવીનતાઓનો દાખલ કરવી અને તેનુ સંવર્ધન કરવું

**હેતુ:**

સંભવિત શિક્ષકોને વ્યાવસાયિક તાલીમ આપવા તથા અસરકારક અને કાર્યક્ષમ શિક્ષકો બનવામાં મદદ કરવા અને ખાસ કરીને માનવતા અને સમાજને સેવા આપવા માટે ના ઉદ્દેશ્ય સાથે યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે.

**વિઝન:**

ભારતીય પરંપરાના પરિવર્તનશીલ જ્ઞાન સાથે આવતીકાલના શિક્ષકો બનાવવા શિક્ષકોના અભિન્ન વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરીને, શિક્ષક પ્રશિક્ષણના નવા યુગમાં પરિણમવું.

**મિશન :**

શિક્ષક પ્રશિક્ષણમાં મૂલ્ય-શિક્ષણ, વૈશ્વિક દષ્ટિકોણ અને આંતર-શિસ્ત દ્વારા નિશ્ચિત અને નિર્ધારિત સંકલિત અભ્યાસક્રમો પ્રદાન કરવા.

શિક્ષણને સમર્પિત દશક

**અભ્યાસક્રમ**

- ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન, ગુજરાત સરકાર દ્વારા શિક્ષક-પ્રશિક્ષણના ધોરણોને ઉપર લાવવાના હેતુથી ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત યુનિવર્સિટી છે. યુનિવર્સિટી દ્વારા યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી પ્રમાણપત્ર અભ્યાસક્રમો, બી.એ. (એજ્યુકેશન) અને એમ.એ. (એજ્યુકેશન) માટે અરજીઓ મંગાવવામાં આવે છે. આ અભ્યાસક્રમોમાં પ્રમાણપત્ર અભ્યાસક્રમો ચાર મહિના (૧૫ અઠવાડિયા), બી.એ. (એજ્યુકેશન) ૬ સેમેસ્ટર અને એમ.એ. (એજ્યુકેશન) ૪ સેમેસ્ટર સુધી શનિવાર-રવિવારે અને જાહેર રજાના દિવસે આઈ.આઈ.ટી.ઈ. દ્વારા નિયત થયેલ કેન્દ્રોમાં, રૂબરૂ સંપર્ક સત્રોના નિયત કલાકો માટે ચાલશે. જે ઉમેદવારો રૂબરૂ સંપર્ક સત્રમાં ૮૦% હાજરી મેળવવામાં નિષ્ફળ જશે તે પ્રમાણપત્ર/ડિગ્રી મેળવવા પાત્ર રહેશે નહીં. જે-તે કોર્સમાં પ્રવેશ સમયે યુનિવર્સિટી દ્વારા ઉમેદવારને અન્ય સૂચનાઓ અને નિયમોની જાણ કરવામાં આવશે.

- દરેક નિયત સેન્ટર પર ઉપર દર્શાવેલ અભ્યાસક્રમમાં જો પ્રવેશાર્થીઓની નિયત લઘુત્તમ સંખ્યા હશે તો જ તે સેન્ટર પર તે અભ્યાસક્રમ ચલાવવામાં આવશે

- બી.એ. એજ્યુકેશન અને એમ. એ. એજ્યુકેશન એ વિદ્યાકીય (Academic) અભ્યાસક્રમ છે, વ્યાવસાયિક (professional) અભ્યાસક્રમ નથી.

**પ્રવેશ ૨૦૨૦ માટે સમય પત્રક**

| વિગત | તારીખ |
|---|---|
| ઓનલાઈન અરજી શરુ થવાની તારીખ | ૭ જુલાઈ,૨૦૨૦ (મંગળવાર) સવારે ૧૧:૦૦ વાગ્યાથી |
| ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ | ૧૪ જુલાઈ, ૨૦૨૦ (મંગળવાર) સાંજે ૬:૦૦ વાગ્યા સુધી |
| અભ્યાસક્રમ શરુ થવાની તારીખ | ૨૧ જુલાઈ , ૨૦૨૦ (મંગળવાર ) |

**અભ્યાસક્રમની અવધિ અને ક્રેડિટ**

૧. પ્રમાણપત્ર અભ્યાસક્રમો (Certificate Courses) : ૪ મહિના (૧૫ અઠવાડિયા) : કુલ ૯ ક્રેડિટ પ્રતિ કોર્સ

**અભ્યાસક્રમની વિગત:**

**૧. પ્રમાણપત્ર અભ્યાસક્રમ** (Certificate Courses)

આ પ્રમાણપત્ર અભ્યાસક્રમો (Certificate Courses), અધ્યેતાની ક્ષમતાઓને વધારવા તેમજ અધ્યેતાને પ્રોત્સાહિત કરવા માટે છે. આ તમામ પ્રમાણપત્ર અભ્યાસક્રમો નિયમિત ધોરણે બ્લેન્ડેડ મોડમાં ચલાવવામાં આવશ. અહીં અધ્યેતા એક સમયે વધુમાં વધ બે પ્રમાણપત્ર અભ્યાસક્રમ કરી શકશે.

**સેન્ટરની વિગત**

૧. આઈ.આઈ.ટી.ઇ., ગાંધીનગર
૨. ડાયટ - ગાંધીનગર
૩. ડાયટ - અમદાવાદ (શહેર)
૪. ડાયટ - અમદાવાદ (ગ્રામ્ય)
૫. ડાયટ - અમરેલી
૬. ડાયટ - આણંદ
૭. ડાયટ - પાલનપુર
૮. ડાયટ - ભરૂચ
૯. ડાયટ - ભાવનગર
૧૦. ડાયટ - દાહોદ
૧૧. ડાયટ - ડાંગ
૧૨.ડાયટ - જામનગર
૧૩.ડાયટ - જૂનાગઢ
૧૪.ડાયટ - ખેડા
૧૫.ડાયટ - ભુજ
૧૬.ડાયટ - મહેસાણા
૧૭.ડાયટ - રાજપીપળા
૧૮.ડાયટ - નવસારી
૧૯.ડાયટ - પંચમહાલ
૨૦.ડાયટ - પાટણ
૨૧.ડાયટ - રાજકોટ
૨૨.ડાયટ - પોરબંદર
૨૩.ડાયટ - ઈડર
૨૪.ડાયટ - સુરત
૨૫.ડાયટ - સુરેન્દ્રનગર
૨૬.ડાયટ - વડોદરા
૨૭.ડાયટ - વલસાડ
૨૮.ડાયટ - તાપી (વ્યારા)

(ડાયટ – જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, DIET – District Education & Training Center)

## Names of Certificate Courses

| | | |
|---|---|---|
| 101 | 1 | School Management |
| 102 | 2 | Educational Measurement and Evaluation |
| 103 | 3 | Educational Statistics |
| 104 | 4 | eLearning: Preparatory |
| 105 | 5 | Introduction to Curriculum |
| 106 | 6 | Inclusive Education |
| 107 | 7 | Art Education |
| 108 | 8 | Indian Perspectives on Education |
| 109 | 9 | Primary Education in India |
| 110 | 10 | Introduction to Research in Education |
| 111 | 11 | Introduction to Sociology of Education |
| 112 | 12 | Introduction to Education Psychology |
| 113 | 13 | Introduction to Philosophy of Education |
| 201 | 14 | Guidance and Counselling |
| 202 | 15 | Educational Supervision |
| 203 | 16 | Text-book Development |
| 204 | 17 | eContent Development |
| 205 | 18 | Action Research and Case Study in Education |
| 206 | 19 | Descriptive Statistics |
| 207 | 20 | Vedic System of Education |
| 208 | 21 | Education in Pre-independence Era |
| 209 | 22 | Teaching of Mathematics |
| 210 | 23 | Educational Economics |
| 211 | 24 | Computing in Education |
| 212 | 25 | Special Education |
| 213 | 26 | Yog Education |
| 301 | 27 | School Leadership |
| 302 | 28 | Drama in Education |
| 303 | 29 | Secondary School Education in India |
| 304 | 30 | Parametric Statistics |
| 305 | 31 | Education in Post-independence Era |
| 306 | 32 | Gandhiji on Education |
| 307 | 33 | Vedic Mathematics |
| 308 | 34 | Acquisition of Language |
| 309 | 35 | Nai-Talim |
| 310 | 36 | Media in Education |
| 311 | 37 | Global Perspectives of Education |
| 312 | 38 | Sports and Physical Education |
| 313 | 39 | Psychology of Personality Development |
| 401 | 40 | Online Assessment and Evaluation |
| 402 | 41 | Fine Arts in Education |
| 403 | 42 | Bloom's Taxonomy |
| 404 | 43 | Early Childhood Care and Education |
| 405 | 44 | Non-parametric Statistics |
| 406 | 45 | Rabindranath Tagore on Education |
| 407 | 46 | Vivekanand on Education |
| 408 | 47 | Teaching Sanskrit as a Classical Language |
| 409 | 48 | Teaching of Second/Foreign Languages |
| 410 | 49 | Multimedia in Education |
| 411 | 50 | Education for Women Empowerment |
| 412 | 51 | Developing Reading Competence |

**અભ્યાસક્રમ માટે લાયકાતના ધોરણો**

૧. પ્રમાણપત્ર અભ્યાસક્રમો (Certificate Courses)

- કોઈ પણ માન્ય બોર્ડમાંથી ૧૦ + ૨ ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થી
- માત્ર યુ.જી.સી. અધિનિયમની કલમ ૩ મુજબ માન્યતા પ્રાપ્ત યુનિવર્સિટીમાંથી સ્નાતક ઉમેદવાર ૦૪ પ્રમાણપત્ર અભ્યાસક્રમો (Certificate Courses) પૂર્ણ કર્યા પછી ડિપ્લોમા માટે લાયક બનશે

**ઓનલાઇન અરજી કરતા સમયે નીચે પ્રમાણેના ડોક્યુમેન્ટ્સ અપલોડ કરવાના રહેશે .**

- પાસપોર્ટ સાઈઝ ફોટોગ્રાફ તથા ઉમેદવારની સ્કેન કરેલ સહી
- સ્કેન કરેલી સ્નાતક અભ્યાસક્ર્મની માર્કશીટ
- સ્કેન કરેલ શાળા છોડ્યાનું પ્રમાણપત્ર

**અરજી કેવી રીતે કરવી**

ઈચ્છુક વ્યક્તિએ https://www.iite.ac.in ની મુલાકાત લઈ ઓનલાઇન અરજી ફોર્મ ભરી પ્રમાણપત્ર અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટે અરજી કરવાની છેલ્લી તારીખ પહેલા અરજી તેમજ એપ્લિકેશન અને પ્રોસેસિંગ ફી ભરવાની રહેશે. આઈ.આઈ.ટી.ઈ. ફક્ત તેની વેબસાઈટ ઉપર પ્રમાણપત્ર અભ્યાસક્રમો સંબંધિત માહિતી પ્રકાશિત કરશે.

**રજીસ્ટ્રેશન ફી (સમગ્ર અભ્યાસક્રમ દરમ્યાન એક વખત, પ્રવેશ સમયે)**

| ફીની વિગત | પ્રમાણપત્ર અભ્યાસક્રમો રકમ (રૂ.) |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી | ૫૦૦ |

નોંધ: રજિસ્ટ્રેશન ફી નોન- ટ્રાન્સફરેબલ અને નોન- રિફંડેબલ રહેશે.

**અભ્યાસક્રમ ફી (સર્ટિફીકેટ અથવા સેમેસ્ટર દીઠ - માત્ર વર્ષ ૨૦૨૦ માટે )**

| ફીની વિગત | પ્રમાણપત્ર અભ્યાસક્રમો રકમ (રૂ.) |
|---|---|
| ટ્યુશન ફી | ૧૦૦૦ |

નોંધ: ટ્યૂશન ફી ઉમેદવારોએ પ્રવેશ ફાળવાયા બાદ યુનિવર્સિટી દ્વારા સૂચિત કરવામાં આવ્યેથી સૂચનાનુસાર જમા કરાવવાની રહેશે.

**સંપર્ક સૂત્ર**

ઈમેઈલ : onlineadmission@iite.ac.in

વેબસાઈટ : https://www.iite.ac.in

Course Registration Link : https://forms.gle/7JztLqZ2Kwcm3PRj7

**શું કરવું અને શું ના કરવું**

- સૂચનાઓ ડાઉનલોડ કરો અને તેને કાળજીપૂર્વક વાંચો. ઓનલાઈન અરજી ફોર્મ ભરવાનું શરૂ કરતા પહેલા સંપૂર્ણ સૂચનાઓ વાંચી જાઓ.
- ફોર્મ ભરવા માટે ઉતાવળા થશો નહીં, ધીમા પડો, તમારી અરજી માટેની દોડાદોડી કરવાથી તમારાથી કેટલાક મુખ્ય વિભાગો ધ્યાન બહાર રહી જશે અને ટાઈપ કે ખોટી જોડણીઓ રહી જવાની શક્યતા રહે છે.
- તમારા લાયકાતના ગુણ દાખલ કરો. જો તમારા ફોર્મ ભરવાની છેલ્લી તારીખ તમારા પરિણામની તારીખથી આગળ ન હોય તો, ઑનલાઇન અરજી ફોર્મ જમા કરતાં પહેલાં, વિદ્યાર્થીઓએ તેમના લાયકાત માટેના ગુણ અરજી પત્રક્માં દર્શાવવા પડશે.
- લાયકાત માટેના ગુણ દાખલ કર્યા વિના, તમારું ઑનલાઇન અરજી ફોર્મ જમા કરશો નહીં. જો ઓનલાઈન અરજી ફોર્મ ભરવા માટેની છેલ્લી તારીખ તમારા પરિણામની તારીખથી આગળ ન હોય તો, ખાતરી કરો કે તમારા લાયકાતનાં ગુણ દાખલ થયા છે કે નહીં, કારણ કે તમારો પ્રવેશ આ ગુણ મુજબ રહેશે.
- તમારું નામ અને સંપર્ક માટેની વિગતો યોગ્ય રીતે ભરો. તમે તમારું નામ તમારા શાળા છોડ્યાના પ્રમાણપત્ર અથવા ગુણ પત્રકમાં દર્શાવેલ હોય તેમ યોગ્ય રીતે ભરો.
- સાયબર કેફેના કર્મચારીઓને કે અન્યને તમારી અરજી ભરવા માટે આપો નહીં. તેઓ તમારું નામ અને વ્યક્તિગત વિગતો ટાઈપ કરવામાં ભૂલો કરી શકે છે, જે પછીથી તમારા ગુણ પત્રકમાં સમસ્યાઓ ઊભી કરી શકે છે.
- યોગ્ય પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ અપલોડ કરો. તમારે ફોટો સ્ટુડિયોમાં પડાવેલ અને મેળવેલ યોગ્ય પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ અપલોડ કરવો જોઈએ. પ્રાસંગિક(કેઝ્યુઅલ) ફોટોગ્રાફ અપલોડ કરશો નહીં. મોબાઈલ /આઇ-પૅડ /ડિજીનો ઉપયોગ કરીને લીધેલા કે સેલ્ફી અપલોડ તરીકે સ્વીકારવામાં આવશે નહીં.
- યોગ્ય સ્કેન કરેલા હસ્તાક્ષર અપલોડ કરો. હસ્તાક્ષર ફક્ત હસ્તાક્ષર માટેના ખાનામાં અપલોડ થવા જોઈએ.
- ફોટોગ્રાફ અને હસ્તાક્ષરની અરસપરસ બદલી કરશો નહીં. હસ્તાક્ષર અને ફોટોગ્રાફ ફક્ત તેમના યોગ્ય ખાનામાં અપલોડ થવા જોઈએ.
- સમાન નામ સાથે એકથી વધુ વાર નોંધણી કરાવશો નહીં. તમે કોઈપણ નોંધાયેલ અરજીનો ઉપયોગ કોઈપણ કોર્સ માટે અરજી કરવા માટે કરી શકો છો. લેપટોપ અથવા ડેસ્કટોપ કમ્પ્યુટરનો ઉપયોગ કરો. તમે એપ્લિકેશન ફોર્મ ભરવા માટે લેપટોપ અથવા ડેસ્કટૉપનો ઉપયોગ કરી શકો છો.
- સ્માર્ટફોનનો ઉપયોગ કરશો નહીં. તમારું અરજી ફોર્મ ભરવા માટે સ્માર્ટફોનનો ઉપયોગ કરવાથી તમે કેટલીક મહત્ત્વપૂર્ણ વિગતો ભરવાનું ચૂકી શકો છો.
- બ્રાઉઝર્સની નવી આવૃત્તિનો ઉપયોગ કરો. ઉપયોગમાં લેવામાં આવેલ સૉફ્ટવેર તાજેતરમાં વ્યાપક ઉપયોગમાં લેવાતા અને વપરાશકર્તા મૈત્રીપૂર્ણ બ્રાઉઝર (ગૂગલ ક્રોમ , મોઝિલા ફાયરફોક્સ) માટે તૈયાર કરવામાં આવેલ છે.
- બ્રાઉઝરની જૂની આવૃત્તિનો ઉપયોગ કરશો નહીં. સૉફ્ટવેર તમને બ્રાઉઝરનાં જૂના સંસ્કરણનો ઉપયોગ કરવાથી કેટલીક વિગતો ભરી શકાશે નહીં. તમે સાયબર કાફે અથવા કોઈપણ કમ્પ્યૂટર સેન્ટરની સુવિધાનો ઉપયોગ કરી શકો છો, પરંતુ ફોર્મ ભરવા માટેની તેમની સલાહનો નહીં.
- ફક્ત નિયત નોંધણી ફી ચૂકવો. વ્યક્તિગત ડેબિટ અથવા ક્રેડિટ કાર્ડ અથવા પોતાની કે સંબંધીઓની નેટ બેન્કિંગ સેવાનો ઉપયોગ કરીને ઑનલાઇન નોંધણી ફી ચૂકવો.
- નિર્ધારિત નોંધણી ફી સિવાય અન્ય કંઈપણ વધારાની રકમ ચૂકવશો નહીં. અરજી ફોર્મ ભરવા માટે વધારાની ફી(રકમ)ની ચૂકવણી અનિચ્છનીય છે.

શિક્ષણને સમર્પિત દશક

# ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત પબ્લિક સ્ટેટ યુનિવર્સિટી)

રામકૃષ્ણ પરમહંસ વિદ્યા સંકુલ, મહાત્મા મંદિરની નજીક, 'ખ' રોડ, સેક્ટર -૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬.

ફોન : +૯૧-૭૯-૨૩૨૮૭૩૩૮, ૨૩૨૪૩૭૩૩/૩૪ ● ઈમેઈલ : registrar@ iite.ac.in ● વેબ: www.iite.ac.in